અનામી(નનામી)/બેનામી ફરિયાદ અરજીઓ
સંબંધમાં કરવાની કાર્યવાહી અંગે નિયત કરવામાં
આવેલ પદ્ધતિનું પાલન કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: સીડીઆર-૧૦૯૭-૬૩૬-ત.એ. (ભાગ-૨)
સચિવાલય, ગાંધીનગર, તા.૨૮-૩-૨૦૧૩

વંચાણે લીધો:-સા.વ.વિ.નો તા.૫-૯-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: સીડીઆર-૧૦૯૬-૬૩૬-ત.એ.(ભાગ-૧)

## પરિપત્ર

ભ્રષ્ટાચાર આચરનાર સરકારી અધિકારી/કર્મચારી સામે પગલાં લેવા માટે કરવામાં આવેલ જુદી જુદી જોગવાઇઓ ધ્યાનમાં લઇને અનામી કે બેનામી અરજીઓ/ફરિયાદો પરત્વે કોઇ પણ કાર્યવાહી કર્યા સિવાય સંબંધિત સક્ષમ અધિકારીઓએ સીધેસીધી દફતરે કરવાનું સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૯-૦૫ના ઠરાવ ક્રમાંક: સીડીઆર-૧૦૯૬-૬૩૬-ત.એ.(ભાગ-૧) થી ઠરાવવામાં છે જેની નકલ તત્કાલ સંદર્ભ સારૂ સામેલ કરેલ છે. આમ, અનામી/બેનામી અરજીઓ સીધેસીધી દફતરે કરવાની સ્પષ્ટ સુચનાઓ હોવા છતાં તા.૫-૯-૦૫ના ઠરાવની પુરતી જાણકારી ન હોવાના કે અન્ય કારણોસર અનામી/બેનામી અરજીઓ પરત્વે કાર્યવાહી કરવામાં આવતી હોવાનું સરકારના ધ્યાનમાં આવેલ છે. આ અંગે અવારનવાર વિધિસર કે અવિધિસર પુછાણ પણ કરવામાં આવે છે.

સામાન્ય રીતે આવી અનામી કે બેનામી અરજીઓ મોટેભાગે સંબંધિત અધિકારી/કર્મચારીની બઢતી નજીક હોય કે નિવૃત્તિ નજીક હોય ત્યારે તેવા અધિકારી/કર્મચારીની બઢતી કે નિવૃત્તિના લાભો વિલંબિત કરવાના આશયથી કરવામાં આવતી હોય છે. પરિણામે કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક સરકારી અધિકારી/કર્મચારીની નૈતિકતાને તેનાથી વિપરીત અસર થાય છે. આવી અરજીઓ પર કાર્યવાહી કરવામાં સરકારી તંત્રનો સમય અને કાર્યક્ષમનો બિનજરૂરી વ્યય થાય છે.

આ પરિસ્થિતિ નિવારવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૯-૦૫ના ઠરાવની સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા તેમજ આ સુચનાઓ પોતાના વહીવટ નિયંત્રણ હેઠળના ખાતાના વડા/કચેરીના વડા સરકારી સ્વાયત તંત્રો/બોર્ડ/કોર્પોરેશન વગેરે કચેરીઓમાં કામ કરતા સર્વે અધિકારીઓ/કર્મચારીઓની જાણ અને માર્ગદર્શન માટે પરિપત્રિત કરવા અને આ ઠરાવનો બહોળો પ્રચાર થાય તે જોવા સચિવાલયના વહીવટી વિભાગોને અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અમૃત પરમાર**
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

-----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.